**<u>આંક :</u>**

**<u>મોડાસાના મે.પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી એમ. એસ. દવે સાહેબશ્રીની કોર્ટમાં, મું.મોડાસા : જી.અરવલ્લી</u>**

**<u>ફેંસલ તારીખ : ૧૭મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬</u>**

**<u>ફોજદારી કેસ નં. ૨૫૯૩ / ૨૦૨૩</u>**

(મોડાસા મહીલા પો.સ્ટે. એફ.આઈ.આર. નંબર : ગુ.ર.નં.૧૧૧૮૮૦૧૨૨૩૦૦૨૦, તા.૨૯/૦૮/૨૦૨૩)

**<u>ફરીયાદી</u>** : શ્રી સ ર કા ર
(ફરીયાદી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એચ.જુરાની)

વિ રૂ દ ધ

**<u>આરોપીઓ</u>** આરોપીઓના નામ:-

(૧). ફરીયાદીના પતિ
(૨). ફરીયાદીના સસરા
(૩). ફરીયાદીના સાસુ
(૪). ફરીયાદીના નણંદ
સરનામુ:- રાજગોળ,
તા.મેઘરજ, જી.અરવલ્લી.

**<u>આરોપીઓ તર્ફે . વિ. વકીલશ્રી પી.એ.ઉપાધ્યાય</u>**

## **FORM-B**

| | |
|---|---|
| Date of Offence | Ago 29.08.2023 |
| Date of FIR | 29.08.2023 |
| Date of Charge Sheet | 28.11.2023 |
| Date of Framing of Charge | 02.01.2024 |
| Date of Commencement of Evidence | 23.07.2024 |
| Date of which Judgment is reserved | 17.11.2026 |
| Date of Judgment | 17.11.2026 |
| Date of the Sentencing order, if any | Nil. |

## **Accused Details**

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release on bail | Offence Charged with | Whether Acquitted or Convicted | Sentence imposed | Period of detention undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | આરોપી નં.૧ ફરીયાદીના પતિ તથા આરોપી નં.ર –ફરીયાદીના સસરા તથા આરોપી નં.૩ ફરીયાદીના સાસુ તથા આરોપી નં.૪ ફરીયાદીના નણંદ | 18.07. 2023 | 18.07.2023 | 498[A], 323, 504, 506(2), 114 & D.P.A. Sec. 4 | Acquitted | - | |

## **–: ઠ રા વ :–**

**(૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

આ કામના આરોપી નં. ૧ ફરીયાદીના પતિ તથા આરોપી નં.ર ફરીયાદીના સસરા તથા આરોપી નં.૩ ફરીયાદીના સાસુ તથા આરોપી નં.૪ ફરીયાદીના નણંદ થતા હોઈ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદી બહેનને અવાર–નવાર શારીરીક–માનસીક ત્રાસ આપી ફરીયાદી પાસ

` રૂપિયા ૭૦,૦૦,૦૦૦/-(સીત્તેર લાખ)ની દહેજની માંગણી કરી, મારઝુડ કરી, મા-બહેન સામી બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ : ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૪ મુજબની ફરીયાદ ફરીયાદીએ મોડાસા મહીલા પોલીસ સ્ટેશને આપતાં સદર ફરીયાદ તે ગુ. ર.નં.૧૧૧૮૮૦૧૨૨૩૦૦૨૦ થી તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ નોંધવામાં આવેલ છે.

**(૨).** ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે અત્રેની કોર્ટમાં આ કામના આરોપીઓ વિરૂધ્ધ તા.૨૮-૧૧-૨૦૨૩ ના રોજ ચાર્જશીટ રજુ કરેલ છે. ત્યારબાદ સદર કામ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવતા અદાલત દવારા આ કામના આરોપીઓ વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતાં આ કામના આરોપીઓ ને ધોરણસર સમન્સની બજવણી થતાં, આ કામે આરોપીઓ તેમના વિ.વકીલશ્રી મારફતે નામ. કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ : ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૦(૧) મુજબ આરોપીઓને તેમની સામેના આક્ષેપોની હકીકત વાંચી સંભળાવી આંક:૬ થી તહોમતનામું ઘડી સમજાવતા આરોપીઓએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૦(૨) મુજબ આંક : ૭ થી આંક : ૧૦ સુધીના આરોપીઓના ગુન્હાનો ઈન્કાર કરતા નિવેદન નોંધવામાં આવેલ અને ત્યારબાદ સદર કામની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી.

(૩)..ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો**

| અનુક્રમ નંબર | આંક | મૌખિક પુરાવાની વિગત |
|---|---|---|
| (૧). **PW-1** | આંક–૨૨ | ફરીયાદીની જુબાની |
| (૨). **PW-2** | આંક–૩૬ | ફરીયાદીની માતાની જુબાની |

**દસ્તાવેજી પુરાવો**

| **અનુ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | મહીલા પોલીસ સ્ટેશન કરેલ અરજી | ૨૩ |
| ૨. | અસલ ફરીયાદ | ૨૪ |
| ૩. | ફો.પ.અ.નં.૧૨૬/૨૦૨૩ ના ચુકાદાની પ્રમાણીત નકલ | ૨૫ |
| ૪. | પક્ષકારોની સમાધાન પુરસીસ | ૫૧ |

(૪). ત્યારબાદ ફરીયાદ પક્ષ વિ. વકીલશ્રી આર.એચ.જુરાનીની તેમજ આરોપીઓના વિ. વકીલશ્રી ની દલીલો સાંભળવામાં આવી.

ફરીયાદપક્ષે એપીપીશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે ફરીયાદમાંની સહી ફરીયાદીએ પોતાની હોવાનું જણાવેલ છે. ફરીયાદી અને આરોપી વચ્ચે બોલાચાલી થયેલ તે હકીકત પણ ફરીયાદીએ સ્વીકારેલ છે. જેથી આરોપીઓ વિરૂધ્ધ યોગ્ય તે હુકમ કરવા એપીપીશ્રીએ જણાવેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી યુ.જે.ભાટીએ તેમની દલીલમાં જણાવેલ છે કે ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં માત્ર આરોપીઓ સાથે બોલાચાલી થયેલનું જણાવેલ છે. તે સિવાય કશું થયેલ ન હોવાનુ જણાવેલ છે. ફરીયાદીએ પોતાની સરતપાસમાં આરોપીઓએ તેને કયારે મારઝુડ કરી ધમકીના શું શબ્દો કહેલા કે શું બિભત્સ ગાળો બોલેલી તે કંઈ પણ જણાવેલ નથી. આરોપીઓએ કયારે દહેજની માંગણી કરેલી તે હકીકત પણ ફરીયાદીએ જણાવેલ નથી અને તેવી કોઈ હકીકત ફરીયાદીએ પુરવાર કરેલ નથી. માત્ર ફરીયાદમાં લખાવી દેવાથી ફરીયાદ સાબિત થતી નથી. માત્ર કથનો કરવાથી ફરીયાદ સાબિત થતી નથી. તે માટે ફરીયાદીએ પુરાવાથી સંપુર્ણ હકીકત સાબિત કરવી જોઈએ. જેથી ફોજદારી જયુરીસપ્રુડન્સના સિધ્ધાંત મુજબ જયારે આરોપી વિરૂધ્ધ ફરીયાદમાંની કોઈ હકીકત સાબિત ના થાય ત્યારે તેવા આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. જેથી ફરીયાદણ તેમની ફરીયાદમાં જણાવ્યા મુજબના ગુનાના તત્વો પુરવાર કરવામાં ન્ષ્ફિળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવવા જોઈએ.

**(૫).** ઉપરોકત હકીકતે મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદી બહેનને અવાર-નવાર શારીરીક-માનસીક ત્રાસ આપી ફરીયાદી

પાસે રૂપિયા ૭૦,૦૦,૦૦૦/–(સીત્તેર લાખ)ની દહેજની માંગણી કરી, મારઝુડ કરી, મા–બહેન સામી બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ : ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨).** શું હુકમ ?

**(૬).** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર : ૦૧ નકારમાં...

(૨) મુદ્દા નંબર : ૦૨ આખરી હુકમ મુજબ.

**(૭).** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં.૧,૨ :–</u>**

**(૮).** આ કામે ઉપરોકત બંને મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલા હોય પુરાવાનુ પુનરાવર્તન ના થાય તે હેતુથી સુવિધા ખાતર બંને મુદ્દાઓની સંયુકત ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૯). આ કામના આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુન્હામાં આરોપીઓ વિરૂધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદ પક્ષ પર રહેલો છે.

(૧૦). સદર કામે ફરીયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ ત્રણ બહેનો અને બે ભાઈઓ છે. તેમની માતાનુ નામ અંજનાબેન છે. તેમના લગ્ન તા.૧૨/૫/૨૦૧૯ નારોજ મનાત જીગ્નેશકુમાર હીરાભાઈ સાથે રાજગોર ગામે તાલુકો મેઘરજ જી.અરવલ્લી મુકામે થયેલા. તેમનુ સાસરુ રાજગોર ગામે છે. અને સાસુ, સસરા, નણંદ અને પતિ અને તેઓ એમ સંયુકત કુટુંબમાં રહેતા હતા. તેમના પતિ ડોકટર છે અને તેમનુ કલીનીક ઝરડા મુકામે તા.મેઘરજ ખાતે છે. લગ્ન પછી તેમને એક વર્ષ સુધી સાસરીમાં સારી રીતે રાખતા હતા અને ત્યારબાદ તેમના સાસુ અને નણંદ ઘરકામની નાની નાની બાબતમાં વાંધા વચકા કાઢતા હતા. તેમના સસરા જયારે પણ ઘરે આવે ત્યારે તેમને એમ કહેતા કે તેમનો છોકરો ડોકટર છે સારુ કમાય છે એટલે તારે ઘરકામ કરવાનુ અને તારે નોકરી કરવાની જરૂર નથી. તેમણે કહેલ કે તેમને સરકારી ટેન્ટલ કોલેજ જામનગરમાં એડમીશન મળેલ છે તો આગળ ભણવુ છે અને કહેલ કે તેમનો ભણવાનો તમામ ખર્ચ તેમના મમ્મી

પપ્પા ઉપાડશે તો ભણવા દો. તો તેમના સાસુ સસરા અને પતિએ કહેલ કે જો તારા મમ્મી પપ્પા તારા ભણવાનો ખર્ચો આપે તો તેમના પતિએ મેઘરજમાં હોસ્પીટલ ખોલવી છે તો તેના માટે સીત્તેર લાખ રૂપિયાની જરૂર છે તો તારા મમ્મી પપ્પાને કહે કે તારો ભણવાનો ખર્ચ ન આપે પણ હોસ્પિટલ માટે ખર્ચો આપે. તેમના પતિ તેમની પાસે સીત્તેર લાખ રૂપિયાની માંગણી કરતા હતા અને કહેતા હતા કે જો પૈસા ન આપે તો તને રાખવાની નથી. તેમણે તેમના પતિને કહેલ કે તેમને ઈન્ટર્નશીપ પુરી થશે અને તેમની નોકરી લાગશે એટલે હુ તમને મદદ કરીશ. પરંતુ તેમના સાસુ, સસરા અને નણંદ તેમના પતિને ઉશ્કેરતા હતા. તેમના સાસરીવાળા સ્વામીનારાયણ ધર્મ પાળે છે. એટલે તેમના સાસરી વાળા તેમને કહેતા હતા કે તે કંઠી બાંધેલ નથી એટલે રસોડામાં પ્રવેશ કરવો નહી કારકે આભડછેટ લાગે છે અને તેમ કહી એ લોકો તેમને જમવાનુ આપતા ન હતા. તા.૨૩/૩/૨૦૨૩ ના રોજ તેમના સાસુ, નણંદ અને પતિએ તેમની સાથે ઝગડો કરેલો. તેમના સાસુ અને તેમના નણંદે તેમની સાથે મારઝુડ કરી તેમને ઘરમાંથી બહાર કાઢી મુકેલી. તેમણે તેમના ભાઈ પ્રિન્સ ને મોડાસા મુકામે ફોન કરેલો અને તેમનો ભાઈ તેમને લેવા આવેલો. તા.૨૭/૩/૨૩ ના રોજ તેમને તેમની સાસરી માંથી તેમના સાસુ સસરા અને નણંદ નો ફોન આવેલો કે તારે સ્વામીનારાયણ ધર્મ પાળવો પડશે અને સીત્તેર લાખ રૂપિયાની માંગણી પુરી

કરવી પડશે. એ લોકો તેમને એ રીતે હેરાન કરતા હતા. તેમના દરદાગીના તેમના સાસરે પડેલા છે. પછી તેઓ મોડાસા મુકામે તેમના મમ્મી પપ્પાના ઘરે જ છે. તેમણે મહિલા પો.સ્ટે. મોડાસા માં અરજી કરેલી.

આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ કબુલ કરેલ છે કે તા.૨૫/૧૧/૨૩ ના રોજ ગજાનન કેન્ટલ કેર નુ તેમની હોસ્પીટલ નુ ઉદઘાટન થયેલ છે. આ હોસ્પિટલ મેઘરજ રોડ ઉપર પોશ અર્બન હોટલ ની સામે આવેલ છે. તેમની હોસ્પીટલ રિધ્ધી સિધ્ધી કોમ્પલેક્ષ માં દુકાન નં.૩ ની સામે આવેલ છે. તેમની હોસ્પિટલ નુ ઉદઘાટન ભીલોડા ના ધારાસભ્ય અને પ્રતિષ્ઠીત સાધુ દવારા કરવામાં આવેલ છે. તેમના સસરા હિંમતનગર મુકામે સરકારી નીકરીમાં છે. તેમની સાસુ કોઈ નોકરી કરતા નથી. તેમણે સામાવાળા વિરુધ્ધ ભરણ પોષણ ની અરજી કરેલ છે. તે કેસ માં ચુકાદો આવી ગયેલ છે. તે કેસમાં તા.૫/૮/૨૩ થી ૩૦/૧૧ /૨૩ સુધી સામાવાળા એ દર મહિને તેમને રૂપીયા દસ હજાર ચુકવવા તેવો અદાલતે આદેશ કરેલ છે. તા.૧/૧૨/૨૩ થી તેઓ ભરણ પોષણ મેળવવા હકદાર નથી તેવુ અદાલતે તે કેસ માં જણાવેલ છે. રાજગોર નાનકડુ ગામ છે. તેમણે તેમની સરતપાસ માં આરોપીઓ વિરૂધ્ધ જે આક્ષેપ કરેલા છે તે અંગે મેઘરજ પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરેલ નથી. તેમના સસરા રજાના દિવસમાં ગામડે રાજગોર આવે છે અને હિંમતનગર મુકામે રહે છે.

**(૧૧).** સદર કામે ફરીયાદીની માતાએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે ફરીયાદી તેમની દીકરી થાય છે. તેમની દીકરી ના લગ્ન સને ૨૦૧૯ માં સમાજના રીતીરિવાજ મુજબ જીગ્નેશભાઈ હીરાભાઈ મનાત સાથે થયેલા લગ્ન બાદ તેમની દીકરી તેની સાસરી રાજગોર તા.મેઘરજ મુકામે સંયુકત કુટુંબ માં રહેતી હતી. આરોપી નં.૧ વ્યવસાયે ડોકટર છે. આરોપી નં.૨ અને ૩ સાસુ સસરા અને આરોપી નં.૪ નણંદ છે. તેમની દીકરીએ બી.ડી.એસ. સુધીનો અભ્યાસ કરેલ છે. તેમની દીકરીએ ત્રાસ બાબતની આરોપીઓ સામે ફરીયાદ કરેલી. તેમની દીકરી ને આ કામના આરોપીઓ માનસિક શારીરીક ત્રાસ આપી કહેતા હતા કે મારો દીકરો ડોકટર છે અને તેને દવાખાનુ ખોલવાનુ હોય તેમની દીકરી પાસે સીત્તેર લાખ રૂપિયાની માંગણી કરેલી અને માંગણી ન સંતોષાતા તેમની દીકરીને ચોટલો પકડીને દીવાલ સાથે અથડાતા અને મારઝૂડ કરેલી. તેમની દીકરીને મારઝૂડ કરતા તેમની દીકરીએ ફોન કરતા તેમનો દિકરો પ્રિન્સ લેવા ગયેલો. તેમનો દિકરો પ્રિન્સ સાથે તેમની દીકરી પિયર માં પરત આવેલી અને ત્યારબાદ પંચો દવારા સમાધાનનો પ્રયત્ન કરેલો પરંતુ સમાધાન થયેલ નહી અને તેમની દીકરીના સાસરીયા વાળા કહેતા હતા કે અમે સ્વામીનારાયણ ધર્મ પાળીએ છીએ અને તેમની દીકરી ને કહેતા હતા કે તે આભડછેટ કરીને અમારુ ઘર વટલાવી દીધું છે

તુ અમારા ઘરમાં શોભે નહી અને અમારે જોઈતી નથી તેમ કહી ને તેમની દીકરીને કાઢી મુકેલી. એટલે પછી તેમણે ફરીયાદ કરેલી. તા. ૨૩/૩/૨૩ ના રોજ તેમની દીકરીને કાઢી મુકેલી અને તા.૨૭/૩/૨૩ ના રોજ તેમણે ફરીયાદ કરેલી. તેમને જાણવા મળેલ છે કે તા. ૩/૨/૨૫ ના રોજ ડો.જિગ્નેશકુમાર હીરાભાઈ એ આરોપીએ બીજા લગ્ન કરેલ છે. તેમની પાસે તેના લગ્ન ના પુરાવા છે. તેમની દીકરીને ન્યાય મળેલ નથી.

આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ફરીયાદીની માતાએ કબુલ કરેલ છે કે તેઓ આદીવાસી ડુંગરી ગરાસીયા જ્ઞાતિના છે. આરોપીઓ તેમની જ્ઞાતી ના છે. તેમના સમાજમાં સમાજની રૂએ છુટાછેડા નો રીવાજ છે. તેમના સમાજના પંચે રીતી રિવાજ મુજબ તેમની દીકરીના આરોપી નં.૧ સાથેના છુટાછેડા આપી દીધેલા છે. તેમની દિકરી ફરીયાદી તેમને ફોન થી કહેતી હતી એટલે તેના સાસરે શુ થતુ હતુ તેની તેમને ખબર છે. મોડાસા મહિલા પોલીસ સ્ટેશન માં તે, તેમની દિકરી તથા તેમના પતિ ગયેલા અને ફરીયાદ તેમની દિકરીએ લખાવેલી. તેમની દિકરીએ ભરણ પોષણ મેળવવાનુ તથા ડોમેસ્ટીક વાયોલેન્સ નો કેસ કરેલ છે. તેમની દિકરી નુ દાત નુ દવાખાનુ મોડાસા માં છે અને પ્રેકટીસ કરે છે. આરોપી નં.૧ ના પિતા હિંમતનગર મુકામે સરકારી નોકરી કરે છે અને ત્યા રહે છે. બનાવ

વખતે આરોપી નં.૧ ના માતા મેઘરજ મુકામે રહેતા હતા. તેઓ શિક્ષક માંથી નિવૃત થયેલ છુ.

**(૧૨).** આ કામના આરોપીઓ ઉપર ઈ.પી.કોડની કલમ-૪૯૮(ક) હેઠળના ગુનાનો આરોપ છે. જેથી સદર ગુનાના આવશ્યક તત્વો જોવામાં આવેતો તે નીચે મુજબ છે.

The points requiring proof are—

(1) a woman was married ;

(2) she was subjected to cruelty ;

(3) such cruelty consisted of—(*a*) any conduct as was likely to drive such woman to commit suicide or to cause grave injury or danger to her life, limb or health-mental or physical. (*b*) harm of such woman with view to coercing her to meet unlawful demand for property or valuable security or on account of failure of such woman or any other of her relation to meet the unlawful demands.

વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે, " ઈન્દ્રાસીંગ એમ. રાઓલ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત " જે ૧૯૯૯(૩), જી.એલ.આર. પાન નં. ૨૩૫૬ માં એમ ઠરાવેલ છે કે, -

*Solitary incident of cruelty whether can be basis for conviction under Sec. 498(A) of I.P.C. Held in the negative. Prosecution*

*has to establish that cruelty and harassment was incessant, persistent and unbearable. Held further, it must be established that cruelty and harassment was with the intention to force the woman to commit suicide or to fulfill unlawful demand for property etc.*

ઉપરોક્ત કરેલ ચર્ચા તેમજ પક્ષકારોની દલીલ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં આ કામે હાલના આરોપીઓ સામે ઇ.પી.કોડની કલમ-૪૯૮(ક) નો ગુનો ફરીયાદ પક્ષે નિઃશંકપણે સાબીત કરેલ નથી તેવું અત્રેની અદાલતનું માનવું છે.

૨૬. જેથી આ કામના આરોપીઓને ઇ.પી.કો.કલમ-૫૦૪,૫૦૬(૨),૧૧૪ હેઠળના ગુનાના આવશ્યક તત્વોના અભાવે તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતું નથી. વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે, " પ્રવિણભાઇ બેચરભાઇ વણકર વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત " ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાન નં. ૩૩૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. So far as to the Section-506 is concerned, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened.

આમ, ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદાના સિદ્ધાંત મુજબ આ કામે આવુ કાંઈ રેકર્ડ ઉપર આવેલ નહોઈ, હાલના આરોપીઓને ઇ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે. વધુમાં રેકર્ડ ઉપર એવો કોઈ ઠોસ અને મજબુત પુરાવો જોવા મળેલ નથી કે જેથી તમામ આરોપીઓને ઇ.પી.કોડની કલમ–૩૨૩ તથા કલમ–૧૧૪ હેઠળ તકસીરવાન ઠરાવી શકાય. જેથી આ કામના આરોપીઓને ઇ.પી.કોડની કલમ–૩૨૩ તથા કલમ–૧૧૪ હેઠળના ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે, **" કૈલાસ ગોર વિરૂદ્ધ સ્ટેટ ઓફ આસામ " જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નં. ૭૮૬** ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિદ્ધાંતો જોતાં તેના પેરા– ૨૮ માં એમ ઠરાવેલ છે કે, –

*"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249)*

*and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."*

**(૧૩)**. ઉપરકોત તમામ હકીકતે સદર કામે ફરીયાદી તથા સાહેદની સમગ્ર જુબાનીઓ જોઈએ તો ફરીયાદી તથા સાહેદએ સરતપાસમાં તથા આરોપીના વિ.વ.શ્રીની ઉલટ તપાસ મુજબ આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ઈ.પી.કો. કલમ –૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ ધારાની કલમ ૪ અન્વયેની જોગવાઈનો કોઈ ગુન્હો આચરેલ હોવાનુ કે તેવા ગુનામાં કોઈ મદદગારી કરેલ હોવાનુ શંકા રહીત પુરવાર કરવામાં ફરીયાદી નિષ્ફળ નિવડેલ છે. સમગ્ર પુરાવો વંચાણે લેતાં હાલના કામના તમામ આરોપીઓએ આ કામના ફરીયાદણને માનસીક, શારીરીક ત્રાસ આપી, મા બેન સામી ગાળો બોલી, ફરીયાદીને માર મારી ઈજાઓ કરી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, દહેજની માંગણી કરી તથા સદર ગુનામાં એકબીજા આરોપીઓએ મદદગારી કરી આઈ.પી.સી. કલમ: ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ ધારાની કલમ ૪ હેઠળ શીક્ષાનેપાત્ર ગંભીર ગુન્હો કરેલ હોવાના કોઈ જ તત્વો

પડેલ પુરાવા ઉપરથી ફલિત થતા નથી. જેથી, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ ઠરાવી મુદ્દા નંબર:૦૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર:૦ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–::આ ખ રી હુ ક મ ::–**

:૧: આ કામના આરોપીઓ નં.(૧) થી (૪) નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ: ર૪૮(૧) હેઠળ તેમની સામેના આઈ.પી.સી. કલમ: ૪૯૮(ક), ૩ર૩, પ૦૪, પ૦૬(ર), ૧૧૪ તથા દહેજ ધારાની કલમ ૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હૂકમ કરવામાં આવે છે.

:ર: આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭ (એ) ની જોગવાઈઓ અનુસાર દરેક આરોપીએ અત્રેની કોર્ટમાં આપેલ જામીન તથા જાતમુચરકા છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:૧૭મી, માહે : માર્ચ, સને : ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામ : મોડાસા.
તારીખ: ૧૭–૦૩–ર૦ર૬

**( મનોજ શંભુપ્રસાદ દવે )**
એડી.ચીફ જયુડીશીયલ.મેજીસ્ટ્રેટ મોડાસા
જજ કોડ નં. જી.જે. ૦૦૭૬૦